દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬

# જ્યાં સુધી પર્વતો પર રસ્તા અને ડેમ બનશે ત્યાં સુધી ગ્લેશિયર તૂટતા રહેશે

તાજેતરમાં તિબેટમાં ગ્લેશિયર તૂટવાના કારણે નેપાળમાં જે દુર્ઘટના બની છે તેમાં ચીને સમયસર ચેતવણી નહીં આપી તેને લીધે અનેકના મોત થયા તે વાત પર દલીલ શરૂ થઇ ગઇ છે. ચીને ચેતવણી આપી કે નહીં આપી તે પછીની વાત છે પહેલી વાત એ છે કે, ઘટના બની કેમ? આવી ઘટનાઓ અંગે કુદરત જ અગાઉ વારંવાર ચેતવણી આપી ચૂક્યો છે છતાં માનવ પ્રકૃતિ સાથે ચેડાં કરવામાં કોઇ કસર રાખતો નથી. જ્યાં સુધી પર્વતોને ચીરીને રસ્તા અને ડેમ બનતા રહેશે ત્યાં સુધી ગ્લેશિયર તૂટવાની ઘટના બનતી રહેશે તે સનાતન સત્ય આજથી જ માનવોએ સ્વીકારી લેવું જોઇએ. આજથી પ્રકૃતિની જાળવણીના શપથ દુનિયાના દરેક દેશના લોકોએ લઇ લેવા જોઇએ તો જ આવી આપત્તિમાંથી બચી શકાશે. ગુજરાતીમાં તો વર્ષોથી કહેવત છે કે 'જ્યારે કુદરતની લાઠી ચાલે છે તે દેખાતી નથી' તાજેતરમાં નેપાળના હિમાલય વિસ્તારમાં હિમશીલા (Glacial Ice Mass) તૂટી પડવાની ઘટના પછી અનેક વિસ્તારોમાં અચાનક પૂર, કાદવનો પ્રવાહ અને ભૂસ્ખલનની ગંભીર સ્થિતિ સર્જાઇ છે. આ ઘટના માત્ર એક કુદરતી અકસ્માત નથી, પરંતુ હિમાલયના બદલાતા પર્યાવરણ, ભારે વરસાદ અને આબોહવા પરિવર્તનની સંયુક્ત અસરનું પરિણામ માનવામાં આવે છે. નેપાળ જેવા પર્વતીય દેશમાં હિમશીલા તૂટે ત્યારે તેની અસર માત્ર હિમનદી સુધી મર્યાદિત રહેતી નથી, પરંતુ નીચેના ગામો, રસ્તાઓ અને નદીકાંઠાના વિસ્તારો સુધી પહોંચે છે.

હિમાલયમાં હજારો હિમનદીઓ આવેલી છે. ઉનાળામાં વધતા તાપમાન અને સતત ગરમીને કારણે હિમનદીઓ ઝડપથી પીગળી રહી છે. તેના કારણે બરફમાં તિરાડો પડે છે અને મોટા બરફના ખંડ અચાનક તૂટી પડે છે. જ્યારે આવી હિમશીલા ઊંચાઈ પરથી ખીણમાં પડે છે ત્યારે તે બરફ, પથ્થરો અને માટી સાથે ભેગી થઈને વિનાશક પ્રવાહ સર્જે છે. હાલની ઘટનામાં ચોમાસાના ભારે વરસાદે જોખમ અનેકગણું વધાર્યું છે. સતત વરસાદથી પહાડોની માટી પાણીથી સંતૃપ્ત થઈ જાય છે. આવી નબળી બનેલી ઢાળ પર હિમશીલાનો આંચકો અથવા પથ્થરોનો ઘસારો થાય તો આખી ઢાળ સરકી શકે છે. પરિણામે મોટા પ્રમાણમાં ભૂસ્ખલનની ઘટનાઓ બને છે અને નદીઓમાં કાદવ તથા શિલાઓનો પ્રવાહ વધી જાય છે.

વિજ્ઞાનીઓના મત મુજબ હિમાલય વિશ્વના સૌથી ઝડપથી ગરમ થતા પર્વતીય વિસ્તારોમાંનો એક છે. સરેરાશ તાપમાનમાં વધારો થવાથી હિમનદીઓનું પીગળવું તેજ બન્યું છે. ઘણા સ્થળોએ હિમનદીની આગળ ગ્લેશિયલ તળાવો બન્યા છે. જો હિમશીલા આવા તળાવમાં પડે તો પાણીનો વિશાળ મોજો નીચાણવાળા વિસ્તારોમાં વિનાશ ફેલાવી શકે છે. તેથી આબોહવા પરિવર્તન હિમશીલા અને ભૂસ્ખલન બંને માટે મહત્વનું પરિબળ બની ગયું છે.

નેપાળમાં પહાડ કાપીને રસ્તાઓ બનાવવાની પ્રક્રિયા પણ જોખમ વધારે છે. ઘણી જગ્યાએ યોગ્ય ઢાળ સંરક્ષણ અને ડ્રેનેજ વિના માર્ગ નિર્માણ થવાથી જમીનની સ્થિરતા ઘટે છે. ઉપરાંત વનનાબૂદીના કારણે વૃક્ષોના મૂળ દ્વારા મળતી કુદરતી મજબૂતી પણ ઓછી થાય છે. પરિણામે ભારે વરસાદ કે હિમશીલાના ધક્કાથી જમીન સરળતાથી સરકી જાય છે.

હિમશીલા તૂટી પડ્યા બાદ અનેક ગામોનો સંપર્ક તૂટી જાય છે, પુલો અને રાજમાર્ગોને નુકસાન થાય છે તથા વીજ ઉત્પાદન યોજનાઓ પર પણ અસર પડે છે. આવી આપત્તિઓ સામે ગ્લેશિયરનું સતત મોનિટરિંગ, વહેલી ચેતવણી પ્રણાલી, જોખમવાળા વિસ્તારોનું નકશાંકન અને વૈજ્ઞાનિક રીતે માર્ગ નિર્માણ અત્યંત જરૂરી છે. સાથે જ પર્વતીય વિસ્તારોમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપવી જોઈએ.

હાલની હિમશીલા તૂટી પડવાની ઘટના દર્શાવે છે કે નેપાળમાં ભૂસ્ખલન માત્ર વરસાદનું પરિણામ નથી, પરંતુ હિમનદીઓનું પીગળવું, આબોહવા પરિવર્તન અને માનવસર્જિત હસ્તક્ષેપ મળીને આ જોખમને વધુ ગંભીર બનાવી રહ્યા છે. ભવિષ્યમાં જાનમાલનું નુકસાન ઘટાડવા માટે વૈજ્ઞાનિક આયોજન અને પર્યાવરણ પ્રત્યે જવાબદાર વિકાસ અનિવાર્ય છે.

## આજનો શબ્દ છે : અબોટ

અબોટ એટલે બોટ્યા વિનાનું, શુદ્ધ. અભડાયા વિનાની દશા, શુદ્ધ સ્થિતિ. રસોઈ અને જમવાની જગ્યાનું છાણમાટી (ગાયનું છાણ) વગેરેથી પવિત્રતા માટે કરવામાં આવતું લીંપણ. જ્યાં નાહ્યા વગર જવાય નહીં તેવું સ્થાન.

અબોટ પરથી અબોટિયું થયું. રસોઈ કરતી વખતે કે જમતી વખતે પવિત્રતા જાળવવા માટે જે વસ્ત્ર પહેરાય તે અબોટિયું અને તે રેશમ, ઊન કે શણનું હોય.

શબ્દ પ્રકાશ

અબોટિયું મુખ્યત્વે બ્રાહ્મણો કે પૂજા-પાઠ કરનારાં પહેરે છે, જનોઈ કે ધાર્મિક વિધિ વખતે પૂજામાં સફેદ, લાલ કે પીળા રંગનાં અબોટિયાં પહેરવાનો રિવાજ છે.

ધોતિયું સુતરાઉ હોય ને સાત વારનું તો અબોટિયું પાંચ વારનું હોય. પીળું કે કોઈ પણ રેશમી અબોટિયું હોય તેને પીતાંબર પણ કહી શકો. ખેર! અબોટિયું હવે કંઈક ભુલાતું જતું વસ્ત્ર છે અને અબોટનો મહિમા પણ ઓછો થયો છે. શબ્દ સાથે સંસ્કૃતિ અને સંસ્કાર હોય છે. જે સંસ્કૃતિ અને સંસ્કાર જાય તો તેની સાથે તેના શબ્દ પણ જાય.

## બઝમે- જિંદગી: રંગે-શાયરી

### ફિરાક ગોરખપુરી

*જન્મ 28 ઓગસ્ટ 1896, વિદાય-3 માર્ચ 1982*

*ફિરાક ગોરખપુરનું નામ રઘુપતિ સહાય. મોહમ્મદ ઈકબાલ, જીગર મોરાદાબાદી, જોશ મલીહાબાદીનાં સાથી શાયર મૂળ ગોરખપુરના, અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. 1968માં પદ્મભૂષણ, 1969માં જ્ઞાનપીઠ પુરસ્કાર, 1970માં સાહિત્ય અકાદમી ફેલોશીપ.*



એક મુદ્દત સે તેરી યાદ ભી આયી ન હમેં
ઔર હમ ભૂલ ગયે હોં તુઝે એસા ભી નહીં

******

કિસી કા યૂં તો હુઆ કૌન ઉમ્ર ભર ફિર ભી
યે હુશ્ન-ઓ-ઈશ્ક સબ તો ધોકા હૈ મગર ફિર ભી

******

હજાર બાર જમાના ઈધર સે ગુજરા હૈ
નયી- નયી- સી હૈ કુછ તેરી રહગુજર ફિર ભી

## વચન

લેખન કોઈ વ્યવસાય નથી પણ તે જો છે તો એક અસુખનો વ્યવસાય છે. હું નથી માનતો કે કળાકાર ક્યારેય સુખી હોય છે. એને કશુંક ને કશુંક પીડ્યા જ કરે છે.

**જ્યોર્જ સિમેનોન**
**બેલ્જિયમના લેખક**

આપણે ઇતિહાસ પાસેથી એ શીખતાં હોઈએ છીએ કે ઇતિહાસ પાસેથી કશું શીખવા જેવું નથી.

**હેગલ**
**જર્મન ફિલોસોફર**

તમે જે કાંઈ કરો છો તેમાંથી તમે છો એવા બનો છો, તમે તમારા વિશે જે ઇચ્છા કરી છે તેવા નહીં. કરો તે જ બનશો.

**જ્યાં પોલ સાર્ત્રે**
**ફ્રાન્સના ફિલોસોફર, લેખક**

હું કલ્પના કર્યા વિના સાહિત્ય-કૃતિ વાંચી નથી શકતો, પરિણામે તે મારા માટે એક પુસ્તક હોવાથી આગળ વધી દૃશ્યોની એક શ્રૃંખલા બની જાય છે.

**આલ્ફ્રેડ હિચકોક**
**હોરર ફિલ્મોના સર્જક**

દુશ્મનને માફ કરવું, દોસ્તને માફ કરવાથી વધારે સહેલું છે.

**વિલિયમ બ્લેક**
**અંગ્રેજ કવિ - ચિત્રકાર**

લોકો વિચારે છે કે પ્રતિભાશાળી હોવું ભાગ્ય પર નિર્ભર કરે છે, પરંતુ તેઓ એમ નથી વિચારતા કે ભાગ્ય પણ એક પ્રકારની પ્રતિભા જ હોઈ શકે છે.

**હાસિંતો બેનાવેંતે**
**નોબેલ વિજેતા સ્પેનિશ નાટ્યકાર**

## હું પૂછું, તમે કહો

**(૧) કવિ-નાટ્યલેખક સિતાંશુ યશશ્ચંદ્રે પ્રબોધ પરીખ સાથે મળીને 'સંદર્ભ' નામનું સામયિક પ્રગટ કરેલું અને એ જ રીતે ભરત નાયક, કાન્તિ પટેલ, નીતિન મહેતા સાથે પણ એક સામયિક શરૂ કરેલું, એ સામયિકનું નામ શું?**

(ક) સંગચ્છધ્વમ્ (ખ) ફાર્બસ ત્રૈમાસિક
(ગ) યા હોમ (ઘ) ખગ્રાસ

**(૨) કવિ-વિવેચક નિરંજન ભગત એક સમયે ગુજરાતી સાહિત્ય પરિષદના 'પરબ' સામયિકના સંપાદક મંડળમાં હતા, પછી 'ગ્રંથ'ના સંપાદક પણ થયેલા અને ત્યાર બાદ એક ત્રૈમાસિકનું ૧૯૭૮-૭૯ દરમિયાન સંપાદન કરેલું એ ત્રૈમાસિકનું નામ શું?**

(ક) સાહિત્ય (ખ) છંદોલય
(ગ) સંજ્ઞા (ઘ) વીસમી સદી

**(3) સુરેશ જોશીએ ઘણાં બધાં સામયિકો પ્રગટ કરેલાં, નીચે આપેલાં ચાર નામોમાં ત્રણ નામો સુરેશનાં પ્રગટ કરેલા સામયિકનાં છે, એક નથી. તે કયું?**

(ક) ઊહાપોહ (ખ) ક્ષિતિજ
(ગ) મનિષા (ઘ) રુચિ

**(૪) ૧૯૫૩નાં વર્ષોમાં 'ગુજરાતી નાટ્ય' નામનું માસિક પ્રગટ થયું હતું, તેના તંત્રી કોણ હતા?**

(ક) પ્રવીણ જોશી (ખ) મધુકર રાંદેરિયા
(ગ) કનૈયાલાલ મુનશી (ઘ) જયશંકર 'સુંદરી'

**(૫) કવિ રાજેન્દ્ર શાહ જેના તંત્રી હતા તે દ્વિમાસિકનું નામ શું?**

(ક) કવિલોક (ખ) સમાલોચક
(ગ) સ્વાધ્યાય (ઘ) યુગધર્મ


**જવાબ**
૧-ખ, ૨-ક, ૩-ઘ, ૪-ખ, ૫-ક

# પ્રેમ કરો છો? પ્રેમ કર્યો છે? તો વાંચો 'ગુનાઓનો દેવતા'

ધર્મવીર ભારતીનું આ જન્મશતાબ્દી વર્ષ (૨૫ ડિસેમ્બર ૧૯૨૬ - ૪ સપ્ટેમ્બર ૧૯૯૭) છે. 'ધર્મયુગ' નામના સાપ્તાહિકના તેઓ સંપાદક હતા અને 'અંધાયુગ' નામના નાટકથી પણ તેમને એવાં જ રાષ્ટ્રીય પ્રસિદ્ધિ અને સન્માન મળ્યાં. જો કે તેઓ 'ગુનાહોં કા દેવતા', 'સૂરજ કા સાતવા ઘોડા' અને 'ગ્યારહ સપનોં કા દેશ' જેવી નવલકથા ઉપરાંત પાંચ વાર્તાસંગ્રહ, ચાર નિબંધસંગ્રહ પણ આપી ચૂક્યા છે. પાંચ કાવ્યસંગ્રહ વડે તેઓ આઝાદી પછીના હિન્દી કાવ્યની વિભાવના રચનારા એક બનેલા. તેમની નવલકથા-વાર્તા પરથી ફિલ્મ પણ બની અને 'ગુનાહોં કા દેવતા' શીર્ષક ફિલ્મવાળાએ ચોરી લીધું તો આ નવલકથા પરથી બનેલી ટી. વી. શ્રેણીનું નામ 'એક થા ચંદર, એક થી સુધા' રાખવું પડેલું. 'સૂરજ કા સાતવા ઘોડા' પરથી શ્યામ બેનેગલના દિગ્દર્શનમાં ફિલ્મ બનેલી. 'અંધાયુગ' તો ઈબ્રાહીમ અલ્કાઝીથી માંડી અનેક નાટ્ય-દિગ્દર્શકોની સૃજનશીલતાનું કારણ બનનારું નાટક રહ્યું છે.

હિન્દીમાં વાણી પ્રકાશન જ્યારે 'ગુનાહોં કા દેવતા'ની શતાબ્દી આવૃત્તિ પ્રગટ કરી ત્યારે જ આ નવલકથા વિરલ વૈષ્ણવના ગુજરાતી અનુવાદ રૂપે સુરતના શ્રી ગજાનન પુસ્તકાલયે ઉપલબ્ધ કરાવી છે. આ નવલકથા પ્રગટ થઈ ત્યારથી લોકપ્રિય છે અને આજે પણ તેને નવાં વાચકો મળતાં રહે છે. બહુ શાંત રીતે, મખમલના તાણાવાણા એકમેકમાં ગૂંથાતાં જઈ પોત વણે એ રીતે આ નવલકથાનું પોત રચાયેલું છે. ધર્મવીર ભારતીએ કહેલું કે આ નવલકથાનું સર્જન પીડાની ક્ષણોમાં પૂરી આસ્થાથી કરેલી પ્રાર્થના જેવું છે. આ નવલકથા એક વિલક્ષણ પ્રેમકથા છે. તેની ભાષામાં જે કાવ્યાત્મક પરિમાણ છે અને વર્ણનની શૈલીમાં જે અંગતતાની બારીકાઈ છે તે વાચકને સતત પ્રસન્ન રાખનારું આલેખનબળ છે. મોટા ઘટનાક્રમ વિના આખી કૃતિ ગતિભેર વાચકને પોતાનામાં દોરવતી રહે છે. ચંદર-સુધાના પ્રેમમાં આવતાં આનંદ-હતાશામાં અને આ બંને અનુભવ વચ્ચે પણ પેલા સદા જાગતા રહેતા પ્રેમમાં વાચક રોપાયેલો રહે છે.

નવલકથાનું કથાસૂત્ર કહી દેવું સરળ છે પણ કથાસૂત્રમાં નહીં તેની અભિવ્યક્તિમાં ધર્મવીર ભારતીની શૈલી અને ભાષાછટાનો અનુભવ




**પુસ્તકઃ** ગુનાઓનો દેવતા **લેખકઃ** ધર્મવીર ભારતી **અનુવાદકઃ** વિરલ વૈષ્ણવ **પ્રકાશકઃ** શ્રી ગજાનન પુસ્તકાલય, સુખારામ બિલ્ડીંગ, કોમર્સ હાઉસની સામે, ટાવર રોડ, સુરત-૩૯૫૦૦૩ **કિંમત રૂ. ૩૪૯/-**

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

છે. ચંદર કે જે એક મેધાવી વિદ્યાર્થી છે અને તેના ગુરુની દીકરી મેધાને અગાધ પ્રેમ કરે છે. નવલકથામાં અલાહાબાદની પૃષ્ઠભૂમિ છે. ચંદર અને સુધા એકબીજાના પ્રેમમાં છે પરંતુ સામાજિક મર્યાદાઓ અને કહેવાતી નૈતિકતાના ડરનાં માર્યાં પોતાના પ્રેમને અભિવ્યક્તિ આપી શકતાં નથી. ચંદન પોતાના પ્રેમનું દમન કરે છે અને સુધાનાં લગ્ન એક સુશિક્ષિત યુવાન સાથે કરાવે છે. સુધા પણ આમ તો પિતાની આજ્ઞા માની આ લગ્ન કરી લે છે પરંતુ આ લગ્નજીવન તેના માટે અસંતોષ જન્માવનારું બની જાય છે. તે પોતાની ભીતર તૂટવા લાગે છે અને સ્થિતિ ત્યાં સુધી બગડે છે કે એ માનસિક આઘાત તેને મૃત્યુ સુધી લઈ જાય છે અને મરતી વેળા પણ તેના હોઠ પર તો ચંદરનું જ નામ હોય છે પરંતુ ચંદર પોતે પણ તો અંદરથી મરી ચૂક્યો છે. સમાજ તેને 'દેવતા' તરીકે સન્માને છે પણ પોતાની નજરમાં તો તે ગુનેગાર બની ચૂક્યો છે. એવો ગુનેગાર જેણે તેની જ હત્યા કરી છે, જેના પ્રેમને તેણે જીવન માનેલું.

ધર્મવીર ભારતીએ અત્યંત ભાવોદ્રેક સાથે આ કૃતિ લખી છે અને ચંદર-સુધા ઉપરાંત અલાહાબાદ સ્વયં એક પાત્ર બને છે. ધર્મવીર ભારતીએ જે ઉત્કટતાથી પાત્રો રચ્યાં છે તેમાં બિનલી પણ છે. આદર્શના કારણે પ્રેમ કેવી રીતે ગૂંગળાઈ મરે તેનું બયાન તમને પાંચેક દાયકા પહેલાંનાં ભારતીય સમાજ પાસે લઈ જશે. આદર્શ જ ચંદર-સુધાના પ્રેમને પીડાભર્યો બનાવે છે. ૧૯૪૯માં જ્યારે આ નવલકથા પ્રગટ થયેલી ત્યારથી લોકપ્રિય બની અને આજે ૮૨-૮૩ આવૃત્તિ પછી પણ લોકપ્રિય છે. આ કૃતિ સવાલ કરે છે કે ગુનો કયો છે? શું એકબીજાને પામ્યા વિના દૂરથી ચાહતાં રહેવું તે ગુનો છે? ચંદરને તો બિનતી અને પમ્મી પણ ચાહે છે પણ ચંદરની સુધા માટેની લાગણી અસાધારણ છે. ચંદર પણ સુધા માટે દેવતા છે અને એક ભક્તની જેમ તેણે પ્રેમનું જતન કર્યું છે પણ સુધાના પિતાએ ચંદર માટે જે કંઈ કર્યું છે તે એવા અહેસાનમાં ફેરવાયું છે કે તે પાર કરી ન શકાય તેવો ઘેરો બની જાય છે. બને છે એવું કે સુધાની દૃષ્ટિમાં દેવતા બની રહેવાની ઈચ્છા જ તેને ગુનેગાર બનાવી દે છે. ધર્મવીર ભારતીએ પમ્મી અને ચંદરના સંબંધના ઊંડાણને દર્શાવવા થોડો સેક્સ્યુઅલ ટચ પણ આપ્યો છે. લેખક એ વિગતે સ્ત્રી-પુરુષ સંબંધને નૈસર્ગિક આકર્ષણમાં મૂકી આપે છે. શરીરની તરસ એટલી જ પવિત્ર સ્વાભાવિક છે જેટલી આત્માની પૂજા. આત્માની પૂજા અને શરીરની તરસ બંને અભિન્ન છે! સાહિત્યના રસિકોએ અનિવાર્યપણે વાંચવા જેવી આ નવલકથા છે.

# લોકપ્રિયતા એવી કોઈ ગુજરાતી નવલકથાકાર જેનું સપનું પણ જોઈ ન શકે


સિડની શેલ્ડનની નવલકથાની ૩૦૦ મિલિયન (૧ મિલિયન = ૧૦ લાખ) કોપી વેચાઈ ગઈ છે

નવલકથાકાર અને નવલકથાની લોકપ્રિયતા કોને કહેવાય તે જાણવા અંગ્રેજીના નવલકથાકારો અને નવલકથાને જાણવાં જોઈએ. અત્યારે ઉદાહરણ સિડની શેલ્ડનનું. અમેરિકાના શિકાગોમાં ૧૧ ફેબ્રુઆરી ૧૯૧૭માં જન્મેલા સિડનીના પિતા યહૂદી હતા ને મૂળ ઉક્રેનના હતા.

સિડની શરૂમાં કવિ હતા અને ૧૦ વર્ષના હતા ત્યારે કવિતામાંથી પાંચ સેન્ટ કમાયેલા. યુવાનીમાં રઝળપાટ સાથે ઘણા ધંધા અજમાવ્યા પણ નોર્થ-વેસ્ટર્ન યુનિવર્સિટીમાં ગયા પછી નાટકના જૂથ માટે નાનાં નાટકો લખ્યાં. પણ જિંદગી તો હજુ જીવવાની હતી ને બીજા વિશ્વયુદ્ધ વખતે આર્મી એર કોર્પ્સના વોર ટ્રેનિંગ સર્વિસમાં પાયલટ તરીકે કામ કર્યું. ૧૯૩૭માં હોલીવુડ તરફ પ્રસ્થાન કર્યું અને અનેક બી મુવીઝ સાથે જોડાયા.

સિડની શેલ્ડને નવલકથા લખવાથી શરૂઆત નથી કરી. બ્રોડ વે સ્ટેજ માટે તેમણે મ્યુઝિકલ્સ લખ્યાં અને એમજીએમ સ્ટુડિયોઝ તેમજ પેરામાઉન્ટ પિક્ચર્સ માટે ફિલ્મો માટે પટકથાઓ લખી. 'મેરી વિડો', 'જેકપોક' અને 'ડ્રીમ વિથ મ્યુઝિક' જેવા મ્યુઝિકલ્સનું પુનર્લેખન કર્યું અને 'રેડહેડ' માટે તો ટોન એવોર્ડ પણ મેળવ્યો. તેમણે 'એલિસ ઈન આર્મ્સ', 'ધ કિંગ ઓફ ન્યુ યોર્ક', 'ધ જજ' અને 'રોમન કેન્ડલ' જેવાં નાટકો લખ્યાં પણ 'રોમન કેન્ડલ' સિવાય એક પણ નાટક પુસ્તક સ્વરૂપે પ્રગટ ન થયું.

સિડની શેલ્ડનને 'ધ બેચલર' અને 'ધ બોબી સોકર' ની પટકથા માટે શ્રેષ્ઠ ઓરિજીનલ પટકથાનો એકેડેમી એવોર્ડ મળ્યો છે. પણ બીજી પણ ઘણી ફિલ્મો તેમના નામે છે અને તેમાં 'ધ બસ્ટર કિટન સ્ટોરી'નું તો દિગ્દર્શન પણ તેમણે જ કરેલું. તેમણે ટી.વી. શ્રેણીઓ પણ ખૂબ લખી છે પણ તેમણે નવલકથા ક્ષેત્રે પ્રવેશ કર્યો તેનાથી પ્રકાશકોને જાણે દલ્લો મળી ગયો. ૧૯૬૯માં 'ધ નેકેડ ફેસ' નવલકથા લખી અને પછી 'ધ અધર સાઈડ ઓફ મિડનાઈટ' જે 'ધ ન્યુયોર્ક ટાઈમ્સ'ના બેસ્ટ સેલર લિસ્ટમાં નંબર વન પર પહોંચેલી. પછી તેના પરથી મિની ટી.વી. શ્રેણી પણ બની. સિડની શેલ્ડને કહ્યું છે કે હું હંમેશા એ રીતે પ્રકરણો લખું છું કે જે પ્રકરણ વાંચવું શરૂ કરો તેમાં રસ જકડાઈ રહે અને તે પૂરું થાય ત્યારે નવા પ્રકરણની ઈન્તેજારી જાગે. મતલબ કે વાચકને લટકાવેલા રાખવાનાં. તેમણે એમ પણ



કહ્યું છે કે તેમને એ સ્ત્રીઓ વિશે લખવું ગમે છે જે પ્રતિભાશાળી હોય અને સક્ષમ પણ હોય. સ્ત્રીમાં જબરદસ્ત શક્તિ છે. સિડનીએ એમ પણ લખ્યું છે કે ફિલ્મના બદલે મને નવલકથા લખવી વધારે ગમે છે કારણ કે ફિલ્મમાં તમે એકલા નથી હોતા, ઘણી વાતોનું સંકલન કરવું પડે. નવલકથામાં તમે સ્વતંત્ર છો.

સિડની શેલ્ડને 'ધ નેકેડ ફેસ' પછી 'એ સ્ટ્રેન્જર ઈન ધ મિરર', 'બ્લડલાઈન', 'રેજ ઓફ એંજલ્સ', 'માસ્ટર ઓફ ધ ગેમ', 'ઈફ ટુમોરો કમ્સ', 'વિંડમિલ્સ ઓફ ધ ગોડ્સ', 'ધ સેન્ડ્સ ઓફ ટાઈમ્સ' ૧૩ નવલકથા ઉપરાંત મિડનાઈટ સિરીઝમાં બે અને એમ્બિશિયસ વુમન શ્રેણી હેઠળ ત્રણ નવલકથા લખી. તેમની 'ધ અધર સાઈડ ઓફ મી' આત્મકથા ૨૦૦૫માં પ્રગટ થઈ છે. અરે, તેમણે ચિલ્ડ્રન બુક્સ પણ લખી છે. ૨૫થી વધુ ફિલ્મો લખનારા સિડની શેલ્ડન રોમેન્ટિક સસ્પેન્સ નવલકથા લોકપ્રિય બનેલા અને જોતજોતામાં એટલા વિખ્યાત થયા કે ૫૧ ભાષાઓમાં તેમની ૩૦૦ મિલિયન (૧ મિલિયન એટલે ૧૦ લાખ) થી વધુ કોપી વેચાઈ ચૂકી છે. તેમના મૃત્યુનાં ત્રણ વર્ષ પહેલાં લોસ એંજલસ ટાઈમ્સે તેમને 'મિસ્ટર બ્લોકબસ્ટર' અને 'પોટબોયલરના રાજકુમાર' કહેલા.

સિડની શેલ્ડનનું અંગત જીવન પણ જાણવા જેવું છે. ૧૯૪૫માં તેઓ જેન કોફમેન હાર્ડિંગને પરણ્યા પણ મહિનામાં જ ખબર પડી કે આપણે એકબીજા માટે નથી છતાં નવ મહિના મથી જોયું ને છૂટાં પડ્યાં. પછી જોર્જા કર્ટરાઈટને પરણ્યા જે નાટક અને ફિલ્મની અભિનેત્રી હતી. એ લગ્ન ૩૦ વર્ષ ચાલ્યાં. ૧૯૮૫માં જોર્જાના મૃત્યુ પછી ૧૯૮૯માં અલેક્ઝાન્ડ્રા કોસ્ટોફને પરણ્યા. સિડનીનો ખૂબ સમય લખવામાં જતો. તેમને પાછલાં વર્ષોમાં બાઈપોલર ડિસઓર્ડર સામે ઝૂઝવાનું આવ્યું. ૩૦ જાન્યુઆરી ૨૦૦૭માં તેમનું ૯૦મા જન્મદિવસના ૧૨ દિવસ પહેલાં અવસાન થયું. થ્રિલર, થ્રિલર અને કોમેડી શૈલીના આ લેખકની નવલકથા હવે ગુજરાતી અનુવાદરૂપે પણ ઉપલબ્ધ છે. 'માસ્ટર ઓફ ધ ગેમ', 'ધ અધર સાઈડ ઓફ મિડનાઈટ' અને 'રેજ ઓફ એન્જલ્સ' તો જબરદસ્ત લોકપ્રિય છે. વિશ્વના ૧૮૦ દેશોમાં તેઓ વંચાય છે. સિડની કહેતા કે હું વિવેચકો માટે નથી લખતો, વાચકો માટે જ લખું છું. વાત સાચી છે. વાચકો માટે લખવાનો પડકાર બધા લેખક ઝીલી ન શકે. સિડની શેલ્ડને સતત લોકપ્રિય રહી લખ્યું અને કરોડો રૂપિયા કમાયા. ગુજરાતી લેખક, શું કોઈ ભારતીય લેખક તેમના જેવી લોકપ્રિયતાનું સપનું ન જોઈ શકે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અવાજનું પ્રદૂષણ વધવાના દિવસો આવી ગયા છે

જન્માષ્ટમીથી શરૂ થતા તહેવારોથી માંડીને નવરાત્રી અને દિવાળી સુધીમાં અવાજનું પ્રદૂષણ ખૂબ વધી જાય છે.ગણપતિની સ્થાપના વખતે ડીજે ના કાન બહેરા કરી નાંખનારા અવાજો,ગણપતિના દિવસો દરમિયાન કલાકો સુધી વગાડવામાં આવતા ડ્રમના અવાજો માણસના કાનને ખલેલ પહોંચાડતા રહે છે.નાનાં બાળકો માટે તો ગણપતિ એટલે આરતીની શરૂઆત પહેલાં ત્રણ કલાક સતત ડ્રમના અવાજો કરવા સિવાય બીજું કાંઈ નહીં. વિસર્જન પણ થોડા થોડા દિવસે થતાં રહે અને વરઘોડા અવાજનું પ્રદૂષણ વધારતા રહે.અનંત ચઉદસના દિવસે અવાજનું પ્રદૂષણ ચરમ સીમાએ પહોંચી જાય છે. સાથે સાથે બીજી અરાજકતા તો ખરી જ.ત્યાર બાદ નવરાત્રીમાં પંદર દિવસ મોડી રાત સુધી વાગતાં સ્પીકરો, દિવાળીના દિવસોમાં કાન ફાડી નાખનારા ફટાકડાના અવાજો, પશુ, પક્ષી, બીમાર માણસો,વૃધ્ધોને હેરાન કરી મૂકતા હોય છે.તહેવાર છે એટલે વ્યકિતગત તો કોઈને કહેવાય પણ નહીં.ઉત્સવો મનાવવા માટે જ હોય છે પરંતુ બીજાઓ વિશે પણ વિચારવું જરૂરી છે.ઉત્સવો ઘોંઘાટ કરીને મનાવવા એવું કોઈ શાસ્ત્ર કહેતું નથી.વડીલોએ પોતાના સંતાનોને સાચી સમજ આપવી જોઈએ.

**સુરત - પ્રવીણ પરમાર**

### વાહ 99.97 ટકા લોન માફી?

ઝી ગ્રુપના ચેરમેન સુભાષચંદ્ર ગોયલ જેમની મોટી લોન માફ કરી કાયદેસર પતાવટ કરવામાં આવી તેની વ્યાપક નોંધ વર્તમાનપત્રો અને મીડિયા દ્વારા થઈ રહી છે. ભારતમાં એવી કાનૂની પ્રક્રિયા કે કાયદાનો ગેરલાભ ઉઠાવી, પોતાની વગનો ઉપયોગ કરી 22006 કરોડ રૂપિયાની લોનની પતાવટ ફક્ત 6.5 કરોડ રૂપિયામાં કરવામાં આવી. સુભાષચંદ્ર ગોયલ ભાજપના પૂર્વ સાંસદ છે. 2017 માં તેમની સંપત્તિ 45888 કરોડ રૂપિયા દર્શાવવામાં આવી. તેના આધારે તેમને મોટી લોન આપવામાં આવી. 2024 માં કુલ સંપત્તિ 31.19 કરોડ રૂપિયાની જણાવાય. જેમાં તેના બંગલાની કિંમત 25 કરોડ અને સુભાષચંદ્રે જણાવ્યું કે પોતે 6.5 કરોડ રૂપિયા જ ચૂકવી શકે એમ છે. એટલે રૂપિયા 100 ના ધિરાણ સામે ફક્ત 3 પૈસા. તેમના લેણદારોમાં સૌથી મોટા લેણદાર LIC હાઉસિંગ ફાઈનાન્સ કંપની તે ઉપરાંત વિવિધ બેંકોએ તેમને કરોડો રૂપિયાનું ધિરાણ આપેલ છે. તેઓ કાનૂની અપીલ આની સામે કરે એવી પૂરેપૂરી શક્યતા છે. આપણે આશા રાખીએ કે આ અંતિમ ચુકાદો ન હોય. નહિ તો આવા મોટા લોનધારક દેવાળિયાને વિજય માલ્યા કે નિરવ મોદીની જેમ વિદેશ પણ ન ભાગવું પડશે.

**સુરત - સુધીર ચંદ્રાકાંત ભટ્ટ**

### ગૃહિણી ક્યારેય નિવૃત્ત થાય છે ખરી?

દરેક સ્થિતિમાં સ્થિર રહેવાની શક્તિ એટલે નારી. નારી શક્તિનો ભંડાર છે. તેમાં રહેલી શક્તિ સમગ્ર સૃષ્ટિમાં પરિવર્તન લાવી શકવાની શક્તિ ધરાવે છે. નારી એ નારાયણી છે. સ્ત્રી ધારે તે કરી શકે છે. કારણ કે છોકરી મા સાસુ ત્રણેય ફરજ અદા કરે છે. સહનશીલતા દીકરીમાં છે. જવાબદારી સાસુમાં હોય છે અને મર્યાદા વહુમાં હોય છે.મા એક,કામો અનેક.એક ઘરમાં હું 30 મિનિટ રોકાયો. તેમાં તો છોકરો આવ્યો. મમ્મી સ્કૂટરની ચાવી કયાં છે. મમ્મીએ સ્કૂટરની ચાવી શોધીને તેના હાથમાં આપી. પતિ આવ્યો. આજે લાઈટ બીલ ભરવાનો છેલ્લો દિવસ છે. લાઈટ બીલ કયાં છે. પત્નીએ લાઈટ બીલ શોધીને પતિના હાથમાં આપ્યું. એટલામાં છોકરાની વહુ આવી. મમ્મી મારાં અસ્ત્રીનાં કપડાં કયાં છે. મને સર્વિસ પર જવાનું મોડું થાય છે. મમ્મી (સાસુ એ તેને અસ્ત્રીનાં કપડાં શોધી હાથમાં આપ્યાં. ટૂંકમાં ગૃહિણી કયારેય નિવૃત્ત થાય છે ખરી? ના. તેને કામનો લગાવ એટલો હોય છે કે ઘરથી જવાબદારી વસ્તુ લાવવાની જવાબદારી વિગેરે.આજે તો મોટો પ્રશ્ન એ છે કે દરેકને મનગમતી રસોઈ કરવી એ આજની નારી માટે મોટો પ્રશ્ન છે. કારણ કે દરેકથી ચોઈસ અલગ અલગ હોય છે. તેમાંથી રસ્તો કાઢવો ઘણું મુશ્કેલ કામ છે. છતાં તેના મુખ પર કોઈ દિવસ દુઃખનો અહેસાસ થતો નથી. નારી હંમેશા ખુશનુમા હોય છે.

**સુરત - મહેશ ડોકટર**

### સેવાઓ માટે તો જેલ અથવા ફાંસીની સજા જ હોઈ શકે

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા જનવિશ્વાસ બીલ 2026 અંતર્ગત એક ફેરફાર એવો કરવામાં આવ્યો છે કે હિટ એન્ડ રનમાં જેલની સજા રદ કરીને માત્ર આર્થિક દંડની જોગવાઈ જ કરવામાં આવી છે. આનો મતલબ એ જ કે રોકેટ ગતિએ પોતાનું વાહન ચલાવીને કોઈ વ્યક્તિ (કે વધારે વ્યક્તિઓ)ને અડફટે લઈને મારી નાંખવામાં આવે તો એ હાંકનારને જેલની સજા નહીં થાય. ફક્ત દંડ વસુલીને એને છોડી મૂકવામાં આવશે. જો આમ બનશે તો આર્થિક રીતે બહેકી ગયેલા લોકોના નબીરાઓ (અને ક્યાંય નબીરાઓ) પોતાનાં વાહનો બેફામ દોડાવીને રાહદારીઓ કે અન્ય વાહનચાલકોને કચડી નાંખતાં જરાએ દુઃખ લગાડશે નહીં. તેઓ સધ્ધર છે એટલે દંડ ભરી દેશે. જેલની સજા એમને મળશે નહીં. આ એક ખોટો કાનૂન થઈ પડશે. હિટ એન્ડ રન બેફામ બનશે. ઉલટાનું આવા હિટ એન્ડ રનવાળાઓ જો અકસ્માત કરીને માણસોને મારી નાંખે તો એમને માટે તો ખૂનની કલમો લગાવીને ફાંસી અથવા જેલ જ થવા જોઈએ.

**સુરત- બાબુભાઈ નાઈ**

### સ્ત્રી અનોખું વ્યક્તિત્વ

સ્ત્રી પુરુષની અર્ધાંગિની ખરી જ પણ તે પોતાના ઘરની પણ અર્ધાંગિની. વહેલી સવારે ઊઠવાનું, ઘરનું આંગણું વાળવાનું, પાણીનો છંટકાવ કરવાનો, સ્નાનાદિથી પરવારી ઘરના ઉંબરાની પૂજા કરવાની, તુલસીએ પાણી ચઢાવવાનું, આ તેનો નિત્યક્રમ. સ્ત્રી સાડીમાં સજ્જ હોય, સુંદર શોભે. માથે કપાળે ગોળ લાલ રંગનો ચાંદલો કરે. સેંથામાં સિંદૂર પૂરે, ગળામાં મંગળસૂત્ર પહેરે. દેવી સ્વરૂપ ધારણ કરે. ઘરનો વ્યવહાર ચલાવવામાં મા લક્ષ્મી, બાળકોને અભ્યાસમાં જોડવા મા સરસ્વતી અને પૂરા પરિવારને સવારના નાસ્તાથી બપોર અને રાત્રિનું ભોજન તૈયાર કરી પીરસનારી, પરિવારને પ્રેમથી જમાડનારી મા દેવી અન્નપૂર્ણા, પરિવારના સભ્યોની એંઠી ડીશ ધોનારી, ઘરનાં કચરાં-પોતાં કરી ઘરને સ્વચ્છ અને સુંદર રાખનારી સ્ત્રી, ગૃહમંદિરમાં ભગવાનને ભાવથી દીવો કરી પરિવારનાં દરેક સભ્યો પર ભગવાનની કૃપા બની રહે, એવી અંતરના ઊંડાણથી ભગવાનને પ્રાર્થના કરનારી સ્ત્રી, અદ્ભુત છે એની લીલા અને કૃપા-ધન્ય છે એ સ્ત્રીને.

**સુરત - ગોપાળ આર. પરમાર**

### ગીતકાર શૈલેન્દ્ર

આજે પણ સાંભળવા,ગણગણવા ગમે એવા ચોટદાર અને સદાબહાર ગીતોના કવિ,જેમનું રચેલું એક ગીત ' મેરા જૂતા હૈ જાપાની 2016ની એક અંગ્રેજીભાષી ફિલ્મમાં દર્શાવાયું છે. એના કવિ સર્વાનુમતે જેમને હિંદી ફિલ્મોના પ્રતિભાશાળી ગીતકારોમાંના એક ગણાવાય છે એ શ્રેષ્ઠ ગીતકાર શ્રેણીના 3 ફિલ્મફેર એવોર્ડ જીતનાર શૈલેન્દ્રનો જન્મ 30/8/1923ને દિવસે થયો હતો.આજીવિકા માટે સ્વમાની શૈલેન્દ્રે માટુંગામાં રેલ્વેયાર્ડમાં નોકરી કરી હતી ત્યારે એક મુશાયરામાં,રાજકપૂરે તેમને સાંભળ્યા બાદ પોતાના પ્રોડક્શન કેમ્પમાં સમાવી લીધા હતા.ત્યારથી તેમની સંગીતકાર શંકર જયકિશન અને રાજકપૂરના સમીકરણે એક એકથી ચઢિયાતાં ગીત,સંગીત અને ફિલ્મો હિંદી સિનેરસિકોને આપી.સૌથી પહેલાં તેમણે રાજકપૂર માટે બરસાત ફિલ્મનાં બે સુપરહિટ ગીતો,પતલી કમર હૈ અને બરસાતમેં તુમસે,માટે શંકર જયકિશનના સંગીત નિર્દેશનમાં લખ્યાં.શંકર જયકિશન ઉપરાંત સલીલ ચૌધરી,સચીનદેવ બર્મન,રવિશંકર,બિમલ રોય અને દેવાનંદ જેવા દિગ્ગજો સાથે કામ કર્યું હતું.ભોજપુરી ગીતો પણ લખ્યાં હતાં.નેશનલ એવોર્ડ મેળવનાર તીસરી કસમ જેવી ફિલ્મ નિર્માણ કરનાર શૈલેન્દ્રનું અવસાન 14/12/1966ના રોજ 43 વર્ષની ઉંમરે થયું હતું.

**સુરત -સુરેન્દ્ર દલાલ**